સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

એકે પ્રેમે પંપાળે અને બીજો કરે અપમાન છે!
છટકે કમાન તો કરે હેરાન, આ યજમાન છે?!
માનપાન આપીને માથેથી મારે મોટા ફટકા -
આમ તો ખેડૂ પ્રત્યે સરકારને ખૂબ 'સન્માન' છે!!
(દેખાવના અને ચાવવાના દાંત અલગ)
(બે નરેન્દ્રસિંહોની રમત)

હાઈકુ

કાનની આડે
આવી ગઈ છે ધાક -
સત્તાના કેફની...

ઝાંખપ આવી
પડળ મોતિયાનાં -
દિસે ન ખેડૂ

(ખેડૂતોના આંદોલન પ્રત્યે આંખ આડા કાન)

ચિંતન

संस्कारसाक्षात्करणात्पूर्वजातिज्ञानम् ।

ઉપરોક્ત સૂત્ર ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સંસ્કારોનો સાક્ષાત્કાર કરવાથી પૂર્વજન્મનું જ્ઞાન થાય છે.

સંસ્કારો બે પ્રકારના છે : સ્મૃતિ અને ક્લેઓશના હેતુરુપ તેમજ કર્મ વિપાકના હેતુ ધર્માધર્મરુપ. તેઓ પૂર્વજન્મનાં પોતાના કારણોથી ઉત્પન્ન થયેલા અને પરિણામ, ચેષ્ટા, નિરોધ, શક્તિ અને જીવનની જેમ અપરિદૃષ્ટ ચિત્તધર્મો છે. એમાં સમય સંસ્કારોનો સાક્ષાત્કાર કરાવવામાં સમર્થ છે. અને દેશ, કાળ, તેમજ નિમિત્તના અનુભવ (જ્ઞાન) વિના એમનો સાક્ષાત્કાર થાય નહીં. તેથી યોગીને દેશ, કાળ વગેરે સાથે સંસ્કારોના સાક્ષાત્કારથી પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. અન્યના સંસ્કારો પર સંયમ કરવાથી એના પૂર્વજન્મનું જ્ઞાન થાય છે.

જ્ઞાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારો સ્મૃતિના હેતુ છે. અવિદ્યા વગેરેના સંસ્કારો ક્લેશોના હેતુ છે. સંસ્કારના સાક્ષાત્કારથી એનાથી સંબંધિત પૂર્વજન્મનો સાક્ષાત્કાર પણ થાય છે. એમ બીજાના ચિત્તના સાક્ષાત્કારથી એના આલંબનનો સક્ષાત્કાર થતો હશે, એવી આશંકાથી કહે છે : પરાચિત્તજ્ઞાન સાથે થતું નથી. કારણ કે એ એનો વિષય નથી.

સુવિચાર

- સુવર્ણ કરતાં સૌંદર્ય ચોરોનું વહેલું આકર્ષે છે - **શેક્સપિયર**
- બહુ મોટા સુખની આશા રાખવી એ સુખ આડેનું મોટું વિઘ્ન છે - **ઓશો**
- જે સુખ પહેલા વિષમય લાગે, પણ અંતે અમૃતમય બની રહે તે જ સાચું સુખ, આવા સુખથી આત્મા અને બુદ્ધિ પ્રસન્ન રહે છે - **ગીતા**
- આંખોને જેવો પ્રકાશ, ફેફસાંને જેવી હવા, હૃદયને જેવો પ્રેમ, તેવી માનવીના આત્મનાને સ્વતંત્રતા - **રોબર્ટ ઈંગલસોલ**
- સારું કામ કરવું એટલું બસ નથી, એ સાચા રસ્તે કરવું જોઈએ - **સંત રોબિન**
- કોઈ દેશની સંસ્કૃતિનો નાશ કરવો હોય તો પહેલી એની ભાષા ફેરવી નાખવી - અંગ્રેજોએ ભારતમાં આવું કર્યું હતું - **સ્વામી રામ**
- આજનું ઔષધ : એક ટી સ્પુન મેથીના દાણા ૨૦૦ મીલી પાણીમાં ઉકાળી ઠંડુ પડે તે પાણી સવાર-સાંજ પીવાથી અસ્થમામાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પહેલવાનને હાથ પર છૂંદણા કરાવવાનું મન થયું તે ગયો છૂંદણા કરનાર પાસે. અને કહ્યું, 'જુઓ જયારે સિંહ સૂર્યરાશિમાં હતો ત્યારે મારો જન્મ થયો હતો. આથી બહાદુરી અને શૂરવીરતામાં હું સિંહ જેવો છું આથી મારા બંને હાથે મને સિંહનું છૂંદણું બનાવી આપો.' છૂંદણા કરનારે હાથ પર છુંદણું ત્રોફવાની શરુઆત કરી. ત્યાં તો પહેલવાને દર્દની ચીસ પાડી ને પૂછ્યું, 'અરે ભાઈ, પહેલા કહે તો કરો કે આ તું શું કરે છે?' પેલાએ કહ્યું, 'સિંહની પૂંછડીથી શરુ કર્યુ છે.' પહેલવાન બુદ્ધિનો લઠ્ઠ હતો એનાથી આ પીડા ખમાતી ન હતી. તેણે બહાદુરીનો ડોળ કરતાં કહ્યું, 'અરે ભાઈ, તું કઈ દુનિયામાં જીવે છે. હાલમાં કૂતરા અને ઘોડાની પૂંછડીઓ કાપવાની ફેશન ચાલે છે. આજકાલ તો બાંડો સિંહ બળવાન ગણાય છે. માટે પૂંછડીની કોઈ જરૂર નથી. તું બીજું કંઈ દોરજે.' પેલાએ ફરી સોંય ભોંકી, પહેલવાનથી સહન ન થઈ એણે પૂછયું, હવે શું કરે છે? પેલાએ કહ્યું, 'પહેલવાનજી તમે પૂંછડીની ના પાડી, તો હવે સિંહની કમરનો ભાગ ચીંતરુ છું.' પહેલવાને કહ્યું, 'તું કોઈ દિવસ કવિતા ભણ્યો છે?' કોઈ કવિરાજે સિંહની પાતળી કમરને કવિતામાં વર્ણવી છે? તું કમર ચિતરવી રહેવા દે.' છૂંદણા કરનારે છૂંદવું બંધ કર્યું, સોય બાજુ પર મૂકી અને બે હાથ જોડીને કહ્યું, 'પહેલવાનજી આપ પધારો તમે વાતો કરો છો મોટી અને એ તો સઘળી છે ખોટી. છૂંદણું, ત્રોફાવવું તમારા કામની વાત નથી કારણ કે તમે સોયની પીડા સહન કરી શકતા નથી.'

હજારીબાગના નેતાનો તૃણમૂલ પ્રવેશ

તંત્રીસ્થાનેથી...

બરાબર ચૂંટણી પર્વ ટાણે જ ઘાયલ થયેલાં બંગાળનાં મુખ્યમંત્રી સામે એમનું પ્રસ્થાપિત રજવાડું બચાવી લેવાનો મોટો પડકાર ઊભો થયો છે. ભારતીય જનતા પાર્ટીએ એમને હટાવવા તમામ પ્રકારની રાજનીતિ અને કૂટનીતિનો આશ્રય લીધો છે. આ એક જ એવાં પ્રાદેશિક નેતા છે જેમને હંફાવવાની દેશ આખો ભગવાન રંગે રંગાઈ જવાની શક્યતા છે. હમણાં જ સુષુપ્તાવસ્થામાંથી બહાર આવી તૃણમૂલનો ઝંડો પકડનાર વરિષ્ઠ રાજપુરુષ યશવંત સિન્હા કહે છે એમ ભારતીય જનતા પાર્ટીએ આખા દેશને એકહથ્થુ સત્તા તળે આણવા શરૂ કરેલ અશ્વમેધ યજ્ઞનો ઘોડો પશ્ચિમ બંગાળમાં પહોંચ્યો છે જેને નાથવો જરૂરી છે. એમ નહીં થાય તો લોકતંત્રમાં વિપક્ષની વિભાવના જ ભુલાઈ જશે. યશવંત સિન્હાએ બરાબર સમય પારખીને મમતા બેનરજીની વહારે ધાવાનું પસંદ કર્યું છે. પૂર્વ સનદી અધિકારી અને ચંદ્રશેખરથી લઈ વાજપેયી સુધીની સરકારોમાં કેબિનેટ મંત્રી રહી ચૂકેલા આ હજારીબાગ (ઝારખંડ)ના નેતા એમના મૌલિક અને સામા વહેણ તરવા જેવા પ્રતિક્રિયાત્મક અભિગમ માટે જાણીતા છે. નાણાખાતાં જેવા અતિ મહત્ત્વપૂર્ણ વિભાગના મંત્રી તરીકે તેઓ પૂર્વ ભાજપી વડાપ્રધાનના વિશ્વાસુ સાથી ગણાતા હતા અને બૌદ્ધિક કક્ષાની રૂએ ભારતનું આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરતા હતા. એમને પોતાની વરીયતા જોખમાતી લાગી એટલે તેઓ ભાજપથી અને સવિશેષ મોદીની નારાજ રહેતા હતા. એમના પુત્રને ટિકિટ આપીને તથા કેબિનેટમાં રાજયકક્ષાના મંત્રી તરીકે સોમેલ કરીને મોદીએ કથિત સમાધાનની કોશિશ કરી હતી. જયંત સિન્હા આજે પણ એમના પરંપરાગત વિસ્તારનું સંસદમાં પ્રતિનિધિત્વ કરે છે. પિતાને લાઈન પર ન લાવી શક્યા એથી અલબત્ત, એમનું મંત્રીપદું ગુમાવવું પડ્યું છે. યશવંત સિન્હા સ્વતંત્ર વિચારસરણી ધરાવતા અર્થશાસ્ત્રી અને રાજકારણીની ઈમેજ જરૂર ઊભી કરી શક્યા છે પણ ભાજપ વિરુદ્ધની એમની ઝુંબેશને લોકસમર્થન સાંપડ્યું નથી. બિહારમાં શત્રુઘ્ન સિન્હાને જિતાડવાના એમનાં પ્રયાસો પણ નિષ્ફળ નીવડ્યા હતા. હવે જયારે મમતા બેનરજીના જ માણસો એક પછી એક ભાજપ તરફ પ્રયાસ કરી રહ્યા છે અને કોઈ કારણસર ચૂંટણી પ્રચારના પ્રારંભિક સમયગાળામાં જ મમતા ઘાયલ થયાં છે ત્યારે એમનો હાથ પકડવા દોડી આવેલા ૮૩ વર્ષના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વાજપેયીના વિશ્વાસુ સાથીની હાજરી એમની ડૂબતી નૈયાને કિનારે લગાવવામાં કારગત નીડવશે ખરી? યશવંત સિન્હા એકચક્રી શાસનથી ધૂંધવાયેલા છે - તેઓ દેશમાં લોકતંત્ર સામે અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થઈ રહ્યો હોવાની દલીલ કરી રહ્યા છે. દીદીને પણ હવે જય શ્રીરામના ભાજપી નારા સામે હરેકૃષ્ણ હરે રામ જેવા નારા લગાવી 'ભાજપ' અને 'વામ' - સામ્યવાદીઓ બેઉ સામે એકલ પંડે લડવાની નોબત આવી છે. મમતા બેનજીને હજારીબાગના નેતા રૂપે એકે હજારાં જેવા સ્ટાર પ્રચારક સાંપડ્યા છે. દીદીનું જે થવું હશે તે થશે, પણ યશવંત સિન્હા માટે રાજયસભાની સીટ પાકી થઈ ચૂકી છે! યશવંતસિન્હા બંગાળની ચૂંટણીને આગામી લોકસભાની 'સેમી ફાઈનલ' ગણાવે છે ત્યારે હવે મામાનું ઘર કેટલે?

સ્થાવર મિલકતના લે-વેચના નવા નિયમોનો અમલ દસ્તાવેજ નોંધણીના નિયમોમાં ફેરફાર

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત સરકારે તાજેતરમાં દસ્તાવેજ નોંધણીનાં નિયમોમાં ફેરફાર કરેલ છે. હવેથી દસ્તાવેજ નોંધણી સરળ બનશે. રાજય સરકાર દ્વારા સંપત્તની ખરીદ તથા વેચાણના કાયદામાં ઘણા ફેરફાર કરેલ છે. નવા દસ્તાવેજોની નોંધણી કરવવાના સમયે પ્રોપર્ટી કાર્ડ, વિદ્યુત જોડાણ તથા મિલકત વેરાની નોંધ કરવવી ફરજીયાત બનશે.

રાજયના નવા દસ્તાવેજની નોંધણી કરાવતા સમયે તથા આંતરીક વેપાર સંવર્ધન વિભાગ દ્વારા દેશમાં નવીસ પ્રણાલી અમલમાં લાવેલ છે. જેમાં ઈન્ટીગ્રેટેડ સ્ટાર્ટીંગ પ્રોસેસ ઓફ ન્યુટ્રેશન વીથ રજીસ્ટ્રેશન પ્રોસેસ એન્ડ ઈન્ટીમેશન ઓફ મ્યુટેશનની પ્રણાલી અમલમાં આવેલ છે.

આ નવા કાયદા અનુસાર સબ રજીસ્ટ્રાર કચેરીમાં સ્થાવર સંપત્તીની ફેરબદલીના એટલે કે વેચાણ, બક્ષીસ કે આપ-લે ના દસ્તાવેજની નોંધ કરાવવાની પ્રક્રીયા પૂર્ણ કરવા પૂર્વે સંપત્તીની મહાનગરપાલીકા, નગરપાલીકા, જમીનના રેકોર્ડ સાથે સંકળાયેલ કચેરીમાં સત્તા મંડળમાં, વીજળીની કંપનીઓ ઉપરાંત વિજળી તથા પાણી સહિતની સત્તાની બધી વિગતવાર નોંધ કરાવવી આવશ્યક કરવામાં આવી છે.

હવે રાજયમાં સ્થાવર સંપત્તિ લેવવાળા તથા વેચવા વાળા જયારે દસ્તાવેજો બનાવડાવે ત્યારે સંપત્તિનો પ્રોપર્ટી કાર્ડનો ક્રમાંક, મહાનગરપાલીકા, નગરપાલીકાનું નામ, વીજ કનેક્શન તેનો ગ્રાહકનંબર, વીજ જોડાણ આપતી કંપનીની માહિતી આ ફોર્મમાં દર્શાવવાની રહેશે. આ ઉપરાંત દસ્તાવેજ કરાવતા તથા દસ્તાવેજ લેતા ગ્રાહકે પણ ઈનપુટ સીટમાં આ માહિતી નાખવાની રહેશે.

હવે પછી રાજયમાં જયારે પણ સ્થાવર મિલકતની ખરીદીના તથા વેચાણના દસ્તાવેજો રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવવા માટે આપવામાં આવશે ત્યારે પ્રત્યેક માહિતીઓની એન્ટ્રી પી.ડી.ઈ.માં ડેટા એન્ટ્રી ઓપરેટરે ઈન્કમટેક્ષ નંબરઃર માં નાખવાની રહેશે. આ પ્રત્યેક માહિતીઓ કોમ્પ્યુટરમાં નજરે આવશે. આ નવા કાયદાની વેચાણ કરનારના દસ્તાવેજની તમામ માહિતી ઉપલબ્ધ બની રહેશે. જેથી સંપત્તિના વેચાણમાં આવતી કોઈ પણ જાતની તકલીફમાં ઘટાડો થશે અને લેનાર વેચનાર આસાનીથી પોતાની સંપત્તિ ટ્રાન્સફર કરી શકશે.

ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ, ૧૮૮૨ ના કાયદામાં તથા તેના નિયમોમાં ગુજરાત સરકારે વખતોવખત ફેરબદલી કરી આ નિયમો સરળ બનાવ્યા છે. તેથી વેચાણ લેનારને છેતરપીંડીનો ભોગ ના બનવું પડે.

તમામ દસ્તાવેજની વારસાઈની વિગતો તથા એન્ટ્રીની નોંધ પણ આ સામે ખેતીની જમીન લે-વેચ કરતા અગાઉ કરાવવાની રહેશે તથા સગીરોનો ભોગ અલગથી દર્શાવી તેની ડિપોઝિટ પેટે રકમ જમા કરાવવી પડશે. જેથી કોઈના વારસાઈ હક્કને પણ નુકશાન ના થાય તેમજ સગીરનો ભાગ અન્વયે એક ડીક્લેરેશન પણ રજુ કરવાનું રહેશે તથા કબૂલાત નામું પણ આપવાનું રહેશે.

ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીની કલમ : ૫૪, ૫૮ તથા ૫૯ માં પણ નવા નિયમોનો અમલ કરવાનો રહેશે. તથા પાવર ઓફ એટર્ની ની નોંધણી બાબતે પણ નવા નિયમો અમલમાં મૂકાશે તથા પાવર ઓફ એટર્નીથી દસ્તાવેજ નોંધાવ્યા બાદ પાવર આપનારનું કબૂલાતનામું તથા થયેલ વેચાણ વ્યવહાર પોતાને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તથા પાવર લેનારે જે પણ કાર્યો કર્યા કરાવ્યા છે તે તમામ પાવર આપનારને કબૂલ મંજૂર છે તે મતલબનું તથા નાણાકિય હિસાબ પોતે પાવર લેનાર પાસેથી સમજી લીધો છે. તેવા મતલબનું ડીક્લેરેશન પણ નોંધાવવાનું રહેશે જેથી પાવર આપનાર વેચાણ વ્યવહાર થયા બાદ ફરી ના જાય તથા પોતાને આ વ્યવહાર કબૂલ નથી તે સ્થિતિમાં વેચાણ લેનાર મુશ્કેલીમાં ના મુકાય નવા નિયમોથી વ્યવહારોને કાયદાની મર્યાદામાં આવતા સરળ બનશે અને ખરીદનાર નિશ્ચિત રહેશે.

Mo. 98254 50191,
info@trivediassociates.in

ચાર્જ કરવાની જરૂર કોને છે... મોબાઇલને... કે સંબંધોને..?

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

એક સરસ મઝાનું ઘર, એમાં વસે એક નારી અને નર,
એક બીજાને હસે હસાવે, જીવે મસ્તીમાં દુનિયાથી રહે પર..!!
ત્યાં ઓચીંતું એક દિવસ, હાથ લાગ્યું એક યંત્ર,
હવે ના કોઈ હસે , ના કોઈ રમે છિન્નભીન્ન થયું ઘરનું તંત્ર,
ના કોઈ સાંભળે, ના કોઈ બોલાવે બસ રાત દિવસ જપે...મોબાઈલ મંત્ર..!!
રહે એક જ ઘરમાં તોય, જાણે જોજન અંતર,
દુનિયાના પળ પળની ખબર, દૂર થયા એકબીજાના અંતર,
લાગણી પ્રેમ મરતા રહ્યા, સંબંધોમાં વધતું રહ્યું અંતર..!!

આધુનિક યુગમાં આપણે સૌ 'ટેકનો-સેવી' Techno-savy બન્યા છીએ. મોબાઈલ, ઈન્ટરનેટ, કમ્પ્યુટર, લેપટોપ આ તમામની મદદથી વિશ્વ જાણે મુઠ્ઠીમાં સમાઈ ગયું હોય તેમ લાગે છે. સાવ નાની ઉંમરના બાળકોના હાથમાં આપણે સ્માર્ટ - ફોન જોયા છે! (આંખો પર જાડા-મોટા ચશ્મા પણ!) બાળકોને જે માગે તે વસ્તુઓ કે ઈલેકટ્રોનિક ગેજેટ્સ મોટાભાગના માતાપિતા તરત જ લાવી આપતા હોય છે. મા-બાપ બંને-પોતપોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા હોવાને કારણે, બાળક પણ એકમાત્ર સંતાન હોવાને કારણે તેને પણ ભાગ્યે જ કોઈ કંપની હોવાને કારણે અને વિભક્ત કુટુંબોની નવી પરંપરાને કારણે બાળકને આ પ્રકારના મોબાઈલ, આઈ-પેડ કે લેપટોપમાં ગેમ્સ્ રમવામાં વ્યસ્ત કરી દેવામાં આવે છે. આ જ બાળકો મોટા થઈને કુટુંબમાં કે સામાજિક મેળાવડામાં કે મિત્રમંડળમાં આવવાની ના પાડે કે કોઈની પણ સાથે વાતચીત ન કરતાં એક રૂમમાં ભરાઈ રહેવા તરફ પ્રેરાય છે ત્યારે માતાપિતા ચિંતિન બને છે અને બધો દોષ જનરેશન ગેપ અને યુવાનોના ઉદ્ધત વર્તનને નામે ચડાવી દે છે! પરંતુ, સમસ્યાના મૂળ છેક બાળપણમાં જ રોપવામાં આવ્યા હોય તો તેનું વટવૃક્ષ યુવાવસ્થા દરમિયાન જોવા મળે એ અત્યંત સ્વાભાવિક છે. સમય સાથે બદલાવું કે પ્રગતિશીલ બનવું એ કોઈ ખરાબ બાબત નથી પરંતુ, પ્રશ્ન ત્યારે ઉપસ્થિત થાય કે જયારે કોઈ પણ બાબતનો અતિરેક થાય અને પ્રમાણભાર ન જળવાય ! વિજ્ઞાન અને ટેકનોલોજીથી આપણું જીવન સરળ અને સમૃદ્ધ બન્યું છે, એ વાત એકદમ સ્પષ્ટ છે. ટી.વી., મોબાઈલ, કમ્પ્યૂટર્સ જેવા ભૌતિક સાધનોની શોધે સ્થળ અને કાળનું અંતર ઘટાડી દીધું છે. પરંતુ ટેકનોલોજીની આ જ શોધો માનવીનાં હૃદય-માનવીના મન વચ્ચેના અંતર વધારી દેવામાં ખૂબ નોંધફાત્ર ફાળો આપ્યો છે.

ભૌતિક વસ્તુઓની જરૂરિયાત એ હદે વધી રહી છે કે તે મેળવવા માટે માણસને આર્થિક રીતે વધુ ને વધુ સદ્ધર થવાની જરૂરિયાત જણાય છે ! સંતાનોની અને પરિવારની આ વધતી જતી અપેક્ષાઓ સંતોષવા જરૂરી ધન કમાવા સૌ - કોઈ એક આંધળી દોટ મૂકીને કોઈ હરિફાઈમાં ઉતર્યા હોય તેમ દોડતા જણાય છે. જેના કારણે સર્વત્ર માનસિક તાણ હેઠળનું જીવન અનુભવાય છે. પરિવારમાંથી પ્રેમ અને પ્રસન્નતા લુપ્ત થઈ ગયા હોય તેમ લાગે છે. દિન-પ્રતિદિન મોંઘવારીનું પ્રમાણ તો વધ્યું જ છે પરંતુ, તેમ છતાં સામાજિક અને ધાર્મિક ઊજવણીમાં લખલૂટ ખર્ચ કરતા લોકો પણ આપણે જોઈએ છીએ. આ પ્રકારની ઝાકળમાળ જોઈએ ત્યારે મનમાં પ્રશ્ન થાય કે આવા સમયે મોંઘવારી કોઈને નડતી નહિ હોય ! સાંપ્રત સમયના આ વિરોધાભાસને દર્શાવતી કવિ સુરેશ દલાલની એક ખૂબ સરસ રચના છે :

"પંખીને ગાવાનો બોજો નથી ને ફૂલોને મ્હોરવાનું ટેન્શન નથી,
ઝીણી ઝીણી ઘટના પર ઓવારી જવાનું
માણસનું કયાંયે અટેન્શન નથી.
ઝાડ કોઈની નોકરી કરતું નથી,
અને ખુશ્બુ નહીં કરે કોઈ ધંધો.
માણસ તો પૈસા માટે કંઈ પણ કરે
મધમીઠો ને ભીતરથી ખંધો.
સાંજ પડે સૂરજ આથમે છે તોય એને કોઈ મળતું પેન્શન નથી,
પંખીને ગાવાનો બોજો નથી ને ફૂલોને મ્હોરવાનું ટેન્શન નથી."

આધુનિક અને મોર્ડનાઈઝેશનના આ ફાસ્ટ યુગમાં બાળપણથી જ એક પ્રેશર હેઠળ શાળાજીવનની શરૂઆત થાય છે, અને આ પ્રેશર છે પરફોર્મીંગ પ્રેશર performing pressure મોટા - મોટા અને ખૂબ વજનદાર સ્કૂલ બેગ લઈને જતા બાળકોને જોઈને તેમના પર દયા આવે અને સમાજની આ આંધળી દોટ પ્રત્યે ઘૃણા નીપજે એ સહજ છે ! તો સામે બાળકો જેવા જ ગણાતા વૃદ્ધોની દશા પણ ઓછી દયનીય નથી! આધુનિક સારવાર અને ચિકિત્સા જગતની પ્રગતિને કારણે સરેરાશ આયુષ્ય વધ્યુ છે અને પરિણામે, વૃદ્ધોની સંખ્યા ખૂબ વધી છે. પરંતુ, જે સમયમાં પોતાના નાના-નાના બાળકો માટે કોઈને સમય ન હોય તેવા સમયે વૃદ્ધો માટે તો કોને સમય હોય! એક સમય હતો જયારે વૃદ્ધોનું મહત્ત્વ હતું. મોટી ઉંમરના માણસના અનુભવોનો લાભ નવી પેઢીને મળતો હતો. આજે વૃદ્ધ પુરુષની સ્થિતિ થોડી વધુ કરુણ હોય છે કારણ કે, જીવનભર પત્ની અને બાળકોની જરૂરિયાતો પુરી કરવામાં તેમણે ખૂબ દોડા-દોડી કરી હોય છે અને કુટુંબના મોભી તરીકે અને આર્થિક મુખિયા તરીકે એકચક્રી શાસન ભોગવતા ત્રણેય એક સાથે જતુ રહેવાથી તેઓ માનસિક હતાશામાંથી પસાર થતા હોય છે. નાનું બાળક જેમ ધ્યાન દોરવા માટે અવનવા તોફાન કરે કે ચીડાઈ જાય તેમ વૃદ્ધો પણ નાની-નાની વાતોમાં આ જ કારણે ઉશ્કેરાઈ જતા જણાય છે! તેમની પાસે બેસવાનો કે વાતો કરવાનો સમય કોઈ પાસે હોય જ નહિ તેમ લાગે છે, અને તેમનામાં રહેલી શાસકવૃત્તિને કારણે તેઓ પોતાનું દુઃખ કે રોષ પણ બાળકો સામે સ્પષ્ટપણે દર્શાવી શકતા નથી! અને આ કારણોસર ઘણીવાર તેમની આંખોમાં નિરાશા અને હતાશાની એક ઊંડી અસર વર્તાઈ રહી હોય તેવું આપણે અનુભવી છીએ! ફેસબુક અને વોટ્સઅપની જનરેશનના બાળકોને ન તો વડીલોની આ દશાનો અહેસાસ થાય છે કે ના તેની પ્રતીતિ થાય છે! ભારત જેવા અમૂલ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતા દેશમાં સંતાનો પોતાના મા-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલતા થઈ ગય છે તે ખરેખર આપણી સંસ્કૃતિ માટે ભયંકર લાંછનરુપ બાબત ગણાય!

જો કે, બાળકો અને વૃદ્ધો જ આધુનિકતાનો ભોગ બન્યા છે તેવું નથી. યુવાનો અને પુખ્ય વયના લોકો પર પણ જમાના સાથે કદમ મિલાવી શકવા માટે અને સારામાં સારી કરિયર બનાવવા માટે ભારે પ્રેશરમાં જીવે છે! યુવાનોને મોબાઈલનું એડિકશન એટલું ભયંકર રીતે વળગે છે કે તે આખો દિવસ ફોન પર ચેટિંગમાં કે ફેસબુક અને વોટ્સઅપ જેવી Social Networking સાઈટ્સ પર જોવા મળતા જીવનને જ સાચું જીવન સમજી બેસે છે! આ જ પ્રમાણે ચાલતું રહ્યું તો વિદેશની જેમ આપણા દેશમાં પણ સોશિયલ નેટવર્કીંગ સાઈટ્સના એડિકશનથી મુક્ત થવા માટેના રીહેબિલીટેશન સેન્ટર્સ જોવા મળશે! મોબાઈલ ફોનનો મર્યાદિત અને નિયમિત ઉપયોગ આપણા જીવનને વ્યવસ્થિત કરવામાં ખૂબ જ મદદ કરે છે. એક બાજુ મોંઘવારી વધવાની ભૂમો સંભવાય છે, જયારે બીજી બાજુ લોકો સુવિધા અને પ્રતિષ્ઠા જાળવવા માટે ખર્ચ કરવામાં પાછું જોતા નથી. પહેલાંના લોકો આવક કરતાં જાવક ઓછી હોય તેનું ધ્યાન રાખતાં અને બચત કરતાં. પરંતુ, આજના સમયમાં તો લોકો કોઈ પણ ભોગે ભૌતિકવાદને ભોગવવામાં જ માને છે. આ સદીની આ વિષમતા માનવજાતિને કઈ દિશા તરફ દોરી જશે એ સળગતો પ્રશ્ન છે. અત્યારે ટીનેએજર્સ 'મોબાઈલ વ્યસની' કે 'મોલાઈલ મેનિયા' જેવા જ લાગે છે. ઘણીવાર કાફેટેરીયામાં કે બાઈક પર બેઠેલા ૩-૪ ટીનએજર્સ સાથે હોવા છતાં તે બધાં જ પોતપોતાના મોબાઈલમાં વ્યસ્ત હોય છે. મોબાઈલમાં મેસેજીસ વાંચીન હસતાં અને બ્રેક અપ થવાથી દુઃખી થતા ટીનએજર્સ મોબાઈલમાં એટલી હદે ખોવાયેલા હોય છે કે તેમની આસપાસની દુનિયાનું તેમને ભાન સુદ્ધાં રહેતું નથી. ઘરમાં માતાપિતા કે ભાઈ-બહેન સાથે વાત કરવામાં રસ ઘટતો જાય છે. સામાજિકતા શૂન્ય થતી જાય છે. મોબાઈલ પાસે ન હોય તો બેચેની, માથાનો દુઃખાવો કે ખાલીપો અનુભવાય છે. સામાજિક સંપર્કો કેળવવા માટે મોબાઈલ ઉપકારક છે પણ આપણે આપણા લાગણીતંત્રની જીવંતતાને સાવ જડ બનાવી દઈએ, તે ખતરનાક છે. જે ટીનએજર્સ આખો દિવસ મોબાઈલ પર વાતો કર્યા કરે છે તે 'Social Anxiety disorder'નો ભોગ બને છે. તેઓ લોકો સાથે વાત કરતાં પણ ગભરાય છે અને આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. એકબાજુ આ મોબાઈલ ફોન અત્ર, તત્ર, સર્વત્ર વ્યાપી ગયો છે, ત્યારે એના દુઃખદ પરિણામથી બચવા માટે જાગૃત રહેવાની ખૂબ જરૂર છે.

Last Seen :
એપ્સ ફેરવે, ટાઈપીંગ કરે, ઢગલાબંધ ઈમોજી મોકલ્યા કરે
આખો દિવસ જોયા કરે, અજાણ્યા ચહેરાને રિકવેસ્ટ મોકલ્યા કરે,
એક બીજા સામે રમત રમ્યા કરે, ખોટે-ખોટું હસ્યા કરે,
હવે ના કોઈ હાસ્ય કે ના કોઈ કલરવ, ના કોઈ મસ્તી કે ના કોઈ ગુંજારવ.
બેટરી ખતમ થતી રહી.. સંબંધો ખોખલા થતા રહ્યા..!!
શું લાગે છે..? ચાર્જ કરવાની જરૂર કોને છે ..
મોબાઈલને.. કે સંબંધોને..?

- nehalgadhavi101@gmail.com

શિક્ષક હોય તો આવાઃ એક સાચુકલા, નિસબતી, વિદ્યાર્થીપ્રિય, રોજેરોજ વિકસનારા શિક્ષક

નવી સવાર
રમેશ તન્ના

કડીની બાજુમાં ધરમપુર નામનું ગામ છે. આ ગામની શ્રી ટી.ઓ. પટેલ સર્વોદય હાઈસ્કૂલના યુવા આચાર્ય ડો. ધર્મેન્દ્ર પટેલ સાચુકલા શિક્ષક અને નીવડેલા આચાર્ય છે. ગામડા-ગામમાં બેસીને એક શિક્ષક કેટલું ઉત્તમ કામ કરી શકે તેનું ઉદાહરણ ડો. ધર્મેન્દ્ર પટેલ છે. તેઓ તંતોતંત શિક્ષક છે. વિદ્યાર્થીઓ માટે તેઓ અનેકવિધ સુંદર અને સફળ પ્રવૃતિઓ કરી રહ્યા છે. એક શિક્ષક અને આચાર્ય તરીકે તેમણે અનેકવિધ સુંદર પ્રવૃતિઓ શરૂ કરી છે. હમણાં તેમણે પોતાની શાળામાં હરતા-ફરતા પુસ્તકાલયનો પ્રારંભ કર્યો. ગાંધીનગરમાં વસતાં, જેસંગપુરામાં પિયર અને મેઢામાં સાસરું ધારવતાં સમાજસેવિકા શ્રીમતી દક્ષાબહેન પટેલના પરિવારે આ પુસ્તકાલય માટે એક



લાખ રુપિયા અનુદાન આપ્યું. શ્રી ધર્મેન્દ્રભાઈની પ્રતિષ્ઠા ઊંચી છે. તેમના નામે સદ્ પ્રવૃત્તિ માટે દાન મળી રહે છે. હરતું ફરતું પુસ્તકાલય અનોખું છે. એક ટ્રોલીમાં તે બનાવાયું છે. વિદ્યાર્થીઓ જાતે ધક્કા મારીને તેને એક ગામથી બીજા ગામ લઈ જશે. તેમાં સત્ત્વશીલ અને સાત્વિક પુસ્તકો રખાયાં છે. ધર્મેન્દ્રભાઈ પટેલ અને તેમના લઘુબંધુ જનકભાઈ છગનભા ઘરાનાના શિક્ષકો છે. સમાજનો ઉત્કર્ષ જ તેમનું પરમ ધ્યેય છે. જનકભાઈ પટેલે જમિયતપુરામાં શાળાનું સર્જન કર્યું છે તે અને શિક્ષણ દ્વારા ગામનો ઉત્કર્ષ કર્યો છે તે પણ જોવા જેવું છે.

લોકડાઉનમાં ધર્મેન્દ્રભાઈએ ધરમપુર ગામની શ્રી ટી.ઓ. પટેલ સર્વોદય હાઈસ્કૂલ એવી બદલી નાખી કે વિદ્યાર્થી પોતાની શાળાને ઓળખી ના શક્યા. તેમણે જાતે પણ આકરી મહેનત કરી. સાધારણ અને વગડા જેવી શાળાને, શાળાની ઈમારતને, મેદાનોને તેમણે નંદનવનમાં ફેરવી નાખ્યાં. મેદાનના વિશાળ પરિસરમાં લોન ઉગાડી. શાળામાં દૃષ્ટિપૂર્વકનું રંગરોગાન કર્યું.

ધર્મેન્દ્રભાઈએ આવાં તો અનેક કાર્યો કર્યા છે.

બાળકોમાં વિશેષ વાચનની રુચિ ખીલે તે માટે તેઓ નવ વર્ષથી 'બાલસેતુ' નામનું માસિક પ્રકાશિત કરી રહ્યા છે.

કોઈ પણ સામયિક પ્રકાશિત કરવું એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. (ગુજરાતી ભાષાના સૌથી મોટા અને સમૃદ્ધ પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે હમણાં 'બાલઆનંદ' બાળ સામયિક બંધ કર્યું છે.) આજકાલ સામયિકો ચલાવવાં અઘરાં છે અને તેમાંય બાળ સામયિકોનું પ્રકાશન કરવું અત્યંત દુષ્કર છે. એવાં સંજાગોમાં ડો ધર્મેન્દ્ર પટેલ રણમાં જહાજ ચલાવી રહ્યા છે.

આ સામયિક ચલાવવામાં તેમને તેમના એક મિત્ર વિજયભાઈ સ્વામી આર્થિક સહયોગ આપે છે. વિજયભાઈ જયદેવપુર ગામના વતની. આફ્રિકામાં તેમનો થોડો કારોબાર. ત્